### કિડની કાઢી લેવાઈ હોવાની શંકા

# ...ા નામે શ્રીલંકામાં કાઢવાનું કૌભાંડ

લાલચ આપતા હતા. આ તરકીબથી તેઓ હૈદરાબાદના બે વિદ્યાર્થીને અમદાવાદ ચેકઅપ માટે લાવ્યા હતા અહીં સસ્તું હોવાનું કહીને લાવ્યા બાદ અહીંથી જ શ્રીલંકા મોકલી આપ્યા હતા જ્યાં બંને વિદ્યાર્થીઓની કિડની કાઢી લેવામાં આવી હતી. જેના પેટે પકડાયેલા અમદાવાદના એજન્ટો સુરેશ પ્રજાપતિ, વંદે માતરમ, ગોતા તેમજ દિલીપ ચૌહાણ, ચાંદલોડીયાને ત્રણ લાખ ચુકવાયા હતા. જાણવા મળ્યા મુજબ સુરેશ દારૂવાલા કબુતરબાજીથી વિદ્યાર્થીઓને વિદેશ મોકલવાનું કામ પણ કરે છે. હાલ તો માત્ર બે વિદ્યાર્થીની કિડની કાઢ્યાનું બહાર આવ્યું છે પરંતુ આ કૌભાંડ ખૂબજ મોટું હોવાની શક્યતા છે. ક્રાઇમ બ્રાન્ચે આ કૌભાંડના મુળ સુધી પહોંચવાની તપાસ હાથ ધરી છે. ખાસ કરીને આ કિડની કૌભાંડમાં અમદાવાદ કે ગુજરાતનો કોઈ વિદ્યાર્થી ફસાયો છે કે નહીં તેની ઝીણવટભરી તપાસ થઈ રહી હોવાનું ક્રાઇમ બ્રાંચના પી.આઇ. એસ. એલ. ચૌધરીએ જણાવ્યું હતું.



યુ.પી. અલીગઢથી આવેલા ૬૫ જેટલા અનાથ બાળકોને સાયન્સ સેન્ટર, એક્વેરિયમ, ગોપીતળાવ જેવા સ્થળોની મુલાકાત કરાવાઈ હતી. (તસ્વીરઃ દિલીપ રામશા)